**એકમ 16**

# કિંમત નિર્ધારણ - 1 (Price Determination)

**: રૂપરેખા :**

**16.0** ઉદ્દેશો

**16.1** પ્રસ્તાવના

**16.2** બજારનો ખ્યાલ

  **16.2.1** બજારનો અર્થ

  **16.2.2** બજારનાં ઘટકો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

**16.3** બજારની સમતુલા

  **16.3.1** સમતુલાનો ખ્યાલ

  **16.3.2** માંગ અને પુરવઠા દ્વારા સમતુલા

**16.4** માંગ પુરવઠાના ફેરફારની કિંમત પર અસર

  **16.4.1** માંગમાં ફેરફારની કિંમત પર અસર

  **16.4.2** પુરવઠામાં ફેરફારની કિંમત પર અસર

  **16.4.3** માંગ અને પુરવઠા ફેરફારની કિંમત પર અસર

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

**16.5** સારાંશ

**16.6** ચાવી રૂપ શબ્દો

**16.7** કેટલાંક ઉપયોગી પુસ્તકો

**16.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 16.0 ઉદ્દેશો :

- વિદ્યાર્થીઓ બજારની વિભાવના સમજે
- વિદ્યાર્થીઓ પૂર્ણ હરીફાઈમાં વસ્તુ કે સેવાનું કિંમત નિર્ધારણ કઇ રીતે થાય છે તે સમજે.
- વસ્તુ કે સેવાની કિંમત પર જે તે વસ્તુ કે સેવાની માંગ કે પુરવઠાનો ફેરફાર કેવી અસર લાવે છે, તે તપાસે.

## 16.1 પ્રસ્તાવના :

આપણે ક્યારેય એવો વિચાર કર્યો છે કે ટી.વી ચેનલના માલિકો સામાન્ય દિવસોની સરખામણીએ મહત્ત્વની ક્રિકેટ મેચ દરમિયાન શા માટે વધારે જાહેરાતનો ચાર્જ લે છે ? કોઇ હિલ સ્ટેશનની હોટેલનું ભાડુ સામાન્ય શહેરની હોટેલ કરતા કેમ વધારે હોય છે ? કૉલેજના અધ્યાપકની સરખામણીએ કૉલેજના કારકુનની કમાણી કેમ ઓછી હોય છે ? એક સર્જન ડોક્ટરની સરખામણીએ એમ.બી.બી.એસ ડૉક્ટરની કમાણી કેમ ઓછી હોય છે ? સામાન્ય દિવસની સરખામણીએ શરદ પૂનમના દિવસે … ના ભાવ કેમ વધારે હોય છે ? આ પ્રશ્નોના જવાબ જે તે વસ્તુ કે સેવા થાય અને પુરવઠાનાં પરિબળો પર આધારિત છે. આપણે આ એકમમાં બજારમાં માંગ અને પુરવઠાનાં પરિબળો કોઇ વસ્તુ કે સેવાની કિંમત નક્કી કરવામાં કેવી ભૂમિકા ભજવે છે. કોઇ વસ્તુની માંગમાં કે પુરવઠામાં થતા ફેરફારો વસ્તુ કે સેવાની કિંમત પર કેવી અસર ઉપજાવે છે ?

## 16.2 બજારનો ખ્યાલ :

આપણે જોઇએ છીએ કે મોટાભાગના પુખ્ત વ્યક્તિઓ કોઇને કોઇ આર્થિક પ્રવૃત્તિ કરતા હોય છે ? શા માટે લોકો સખત મહેનત કરીને આ આર્થિક પ્રવૃત્તિ કરતા હોય છે? કારણ કે દરેક વ્યક્તિને પોતાનું અને કુટુંબના સભ્યોનું જીવન ટકાવી રાખવા માટે ચીજવસ્તુઓ અને સેવાઓની જરૂરિયાત રહેલી હોય છે. આથી વ્યક્તિ જીવન ટકાવવા અને ઉન્નત બનાવવા કોઇ એક કે વધુ ચીજવસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન કરતો હોય છે. પોતે જ ચીજવસ્તુ કે સેવાનું ઉત્પાદન કરે છે. તેમાંથી કેટલીક પોતાના વપરાશ માટે અથવા તો બધી જ ચીજવસ્તુઓ કે સેવાઓ બીજાને આપીને પોતાની જરૂરિયાતની અન્ય ચીજવસ્તુઓ કે સેવાઓ બીજા પાસેથી મેળવતો હોય છે. જો ચીજવસ્તુના બદલામાં ચીજ વસ્તુ કે સેવાના બદલામાં સેવા મેળવતો હોય તો તેને 'સાટા પદ્ધત્તિ' કહે છે. પરંતુ પોતે ઉત્પન્ન કરેલ ચીજવસ્તુઓ કે સેવાઓ નાણા માધ્યમથી અન્યને વેચતો હોય અને તે નાણા દ્વારા અન્ય પાસેથી પોતાની જરૂરિયાતની ચીજવસ્તુ કે સેવા મેળવતો હોય છે. આમ વ્યક્તિને પોતે ઉત્પન્ન કરેલ ચીજવસ્તુ અને સેવાના વિનિમય માટે એક માધ્યમની જરૂર પડે છે, અને તે માધ્યમ એટલે બજાર.

### 16.2.1 બજારનો અર્થ :

સામાન્ય રીતે ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી અને વેચાણની વ્યવસ્થાને બજાર કહે છે. અર્થશાસ્ત્રની પરિભાષામાં બજારને કોઇ ચોક્કસ સ્થળ સાથે સંબંધ નથી. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ "બજાર એ એવી વ્યવસ્થા છે, જેમાં ખરીદનારાઓ અને વેચનારાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પરસ્પર એવા સંપર્કમાં આવે છે કે જે વસ્તુ અને સેવાની ખરીદી-વેચાણમાં પરિણમે છે."

બજારના અસ્તિત્વ માટે માત્ર બે બાબતો જરૂરી છે. જેમાં (1) ગ્રાહક (ખરીદનાર) અને વિક્રેતા (વેચના) વચ્ચે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક અને (2) વસ્તુ કે સેવાના ખરીદી અને વેચાણ આમ, બજારના અસ્તિત્વ માટે કોઇ ચોક્કસ સ્થળ હોવું તે જરૂરી નથી. દા.ત. અમદાવાદનો અનાજનો વેપારી ટેલિફોન દ્વારા હરિયાણાના અનાજના વેપારીનો સંપર્ક સાધી ઘઉં ખરીદે તો ઘઉંનું "બજાર" અસ્તિત્વમાં આવ્યુ ગણાય. ભારતની કોઇ કંપની ટેલિફોન કે ફેક્સ દ્વારા લંડનના કોઇ વેપારી સાથે કાપડનો સોદો કરે તો કાપડનું બજાર અસ્તિત્વમાં આવ્યું કહેવાય. અમેરિકાનો કોઇ વેપારી ભારતના આડતિયા મારફત દાર્જિલિંગની ચાના કોઇ ઉત્પાદક પાસેથી ચાની ખરીદી કરે તો ચાનું બજાર અસ્તિત્વમાં આવ્યું ગણાય. આમ, અર્થશાસ્ત્રની પરિભાષામાં, બજાર એટલે વેચનાર અને ખરીદનાર વચ્ચે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક સાધી આપીને વસ્તુની ખરીદી અને વેચાણ શક્ય બનાવે એવી કોઇ પણ વ્યવસ્થા.

### 16.2.2 બજારનાં ઘટકો :

બજારનો ખ્યાલ ત્યારે જ પરિપૂર્ણ થાય જ્યારે નીચેના તમામ ઘટકોનું સહ અસ્તિત્વ હોય. તેવી હવે આપણે બજારના ઘટકો વિશે ચર્ચા કરીશું.

**(1)** **ખરીદનાર :** બજારના અસ્તિત્વ માટે ખરીદનાર હોવો આવશ્યક છે. જો ખરીદનાર વસ્તુની માંગ કરશે તો જ તે વસ્તુનું ઉત્પાદન શક્ય બનશે. જે વસ્તુની માંગ થતી નથી તે વસ્તુનું ઉત્પાદન પણ થતું નથી.

**(2)** **વેચનાર :** જ્યાં સુધી વેચનાર ચોક્કસ કિંમતે વસ્તુ વેચવા માટે તૈયાર થતો નથી. ત્યાં સુધી ગ્રાહક વસ્તુ ખરીદી શકતો નથી.

**(3)** **વસ્તુની ઉપલબ્ધતા :** જે વસ્તુ કે સેવાની માંગ થાય તે વસ્તુ ઉપલબ્ધ હોવી જરૂરી છે. જો વસ્તુ કે સેવા ઉપલબ્ધના હોય તો બજાર અસ્તિત્વમાં આવતું નથી. દા.ત. જો એક્ટીવા મોપેડ ઉપલબ્ધ ન હોય તો તેની માંગ હોવા છતા બજાર અસ્તિત્વમાં આવશે નહિ.

**(4)** **સંપર્ક :** જો ખરીદનાર અને વેચનાર બન્ને રૂબરૂ, પત્ર વ્યવહાર ટેલિફોન, ફેક્સ કે ઇ-મેઇલના માધ્યમથી સંપર્કમાં આવે તો જ બજાર શક્ય બને છે, અન્યથા નહિ.

**(5)** **કિંમત :** વસ્તુ કે સેવાનો વિનિમયનો શક્ય બને જો વેચનાર અને ખરીદનાર બન્ને તે વસ્તુ કે સેવાની કોઇ એક કિંમત પર સંમત થાય. આથી બજારના અસ્તિત્વ માટે કિંમત એક અગત્યનો ઘટક બને છે.

આમ ઉપરોક્ત પાંચેય ઘટકો એકી સાથે અસ્તિત્વ ધરાવે ત્યારે બજાર અસ્તિત્વમાં આવે છે. હવે આપણે વસ્તુની માંગ અને પુરવઠા દ્વારા બજાર કઇ રીતે સમતુલા પ્રાપ્ત કરે છે તેની ચર્ચા કરીશું.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) બજાર શા માટે અસ્તિત્વમાં આવે છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) અર્થશાસ્ત્રની પરિભાષામાં બજાર એટલે શું?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) બજારના અસ્તિત્વ માટે કેટલા અને કયાં કયાં પરિબળો જરૂરી છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 16.3 બજારની સમતુલા :

હવે આપણે બજારની સમતુલાની ચર્ચા કરીશું.

### 16.3.1 સમતુલાનો ખ્યાલ :

ચીજવસ્તુ કે સેવાની કિંમત બજારની સમતુલાએ નક્કી થાય છે. બજારની સમતુલા એટલે જયાં ચીજવસ્તુઓની કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થાય ત્યાં બજારની સમતુલા નક્કી થાય છે. આ સમતુલાની સ્થિતીએ વસ્તુ કે સેવાની કિંમત નક્કી થતી હોય છે.

### 16.3.2 વસ્તુની માંગ અને પુરવઠા દ્વારા સમતુલા :

આપણે આગળ જોયું કે વસ્તુની કિંમત બજારનાં પરિબળો દ્વારા નક્કી થાય છે.

બજારના પરિબળો એટલે વસ્તુની કુલ માંગ અને વસ્તુનો કુલ પુરવઠો. આમ વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠા દ્વારા સમતુલા કઇ રીતે પ્રાપ્ત થાય તે હવે જોઇએ.

કોઇ પણ વસ્તુની માંગ એટલે ચોક્કસ કિંમતે અને ચોક્કસ સમયે ગ્રાહક દ્વારા વસ્તુ ખરીદવાની ઇચ્છા, શક્તિ અને તત્પરતા પ્રો. માર્શલે વસ્તુની કિંમત અને વસ્તુની માંગ વચ્ચે કાર્યકારણનો સંબંધ દર્શાવતો નિયમ આપ્યો છે. પ્રો. માર્શલના શબ્દોમાં કહીએ તો “જો અન્ય પરિબળો યથાવત રહે તો વસ્તુની કિંમત વધતાં પુરવઠો વિસ્તરણ પામે છે. અને વસ્તુની કિંમત ઘટતી તે વસ્તુનો પુરવઠો

સંકોચન પામે છે.'' આમ વસ્તુની પુરવઠા રેખા ડાબી બાજુ નીચેથી જમણી બાજુ ઉપર તરફ જતી હોય છે. એટલે કે પુરવઠા રેખા ધન ઢાળ ધરાવે છે.

વસ્તુની કિંમત નિર્ધારણની પ્રક્રિયામાં તે વસ્તુની માંગ અને પુરવઠો આ બે પરિબળો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. માત્ર વસ્તુની માંગ કે માત્ર વસ્તુનો પુરવઠો વસ્તુની કિંમત નક્કી કરી શકતા નથી. પ્રો. માર્શલ વસ્તુની માંગ અને પુરવઠાને એક કાતરનાં બે પાંખિયા સાથે સરખાવે છે. જેમ કાગળ કે કાંપડને કાપવા માટે કાતરનાં બન્ને પાંખિયા જરૂરી છે તેમ વસ્તુની કિંમત નક્કી કરવામાં વસ્તુની માંગ અને વસ્તુનો પુરવઠો બન્ને પરિબળો અગત્યનાં છે. જેમ કાતરનું એક પાંખિયું કાગળને કાળ શકતુ નથી તેમ માત્ર વસ્તુની માંગ કે માત્ર વસ્તુનો પુરવઠો વસ્તુની કિંમત નક્કી કરી શકે નહી. જેમ કાતરની બે પાંખિયા સંયુક્ત રીતે કાગળ કાપે છે, તેમ માંગ અને પુરવઠો બન્ને સંયુક્ત રીતે વસ્તુની કિંમત નક્કી કરે છે.

હવે આપણે વસ્તુની માંગ અને પુરવઠા દ્વારા વસ્તુની કિંમત કેવી રીતે નક્કી થાય છે. તેની સમજુતી એક કાલ્પનિક અનુસૂચિ અને આકૃતિ દ્વારા મેળવીએ.

**બજાર માંગ અને બજાર પુરવઠાની અનુસૂચિ**

| વસ્તુની કિંમત (રૂ.માં) | વસ્તુની માંગ (એકમમાં) | વસ્તુનો પુરવઠો (એકમમાં) | કિંમત પર અસર |
|---|---|---|---|
| 1 | 50 | 10 | વધશે |
| 2 | 40 | 20 | વધશે |
| 3 | 30 | 30 | સમતુલા |
| 4 | 20 | 40 | ઘટશે |
| 5 | 10 | 50 | ઘટશે |

ઉપરોક્ત કાલ્પનિક અનુસૂચિ વસ્તુની કિંમત, વસ્તુની માંગ અને વસ્તુનો પુરવઠો દર્શાવે છે. આ અનુસૂચિ પરથી સ્પષ્ટ થાય છે કે જ્યારે વસ્તુની કિંમત રૂા. 1 છે ત્યારે વસ્તુની માંગ 50 એકમ છે. પરંતુ વસ્તુનો પુરવઠો 10 એકમ છે. તેવી જ રીતે વસ્તુની કિંમત રૂ. 5 છે. ત્યારે વસ્તુની માંગ 10 એકમ છે. પરંતુ વસ્તુનો પુરવઠો 50 એકમ છે. આમ વસ્તુની ઓછી કિંમતે પુરવઠા કરતા માંગ વધારે છે અને વસ્તુની ઉંચી કિંમતે માંગ કરતા પુરવઠો વધારે છે.

જે કિંમતે વસ્તુની માંગ કરતા વસ્તુની માંગ કરતાં વસ્તુનો પુરવઠો વધારે હોય તે કિંમત બજારમાં ટકી શકે નહિ. ઉપરોક્ત અનુસૂચિમાં વસ્તુની કિંમત રૂ. 5 અને રૂ. 4 છે. ત્યારે વસ્તુના પુરવઠાનું પ્રમાણ તેની માંગ કરતા વધુ છે તેથી ઉત્પાદકોને વસ્તુ વેચવાની ગરજ વધારે છે. પરિણામે પરસ્પર હરીફાઇને કારણે ઉત્પાદકો ઓછી કિંમતે વસ્તુ વેચવાની તૈયારી દાખવે છે. આ પ્રકારની પરિસ્થિતીમાં વસ્તુના ભાવ નીચા જવાનું વલણ ધરાવે છે. તેથી માંગ વિસ્તરણ પામશે અને પુરવઠો સંકોચન પામશે.


બીજી તરફ જ્યારે વસ્તુની કિંમત રૂ.1 અને રૂ. 2 છે ત્યારે વસ્તુની માંગનું પ્રમાણ તેના પુરવઠા કરતા વધુ છે. તેથી ગ્રાહકોને વસ્તુ ખરીદવાની ગરજ વધારે છે પરંણામે પરસ્પર હરીફાઇ કરીને ગ્રાહકો વસ્તુના ઊંચા ભાવ આપવા તૈયારી દર્શાવે છે. આ પ્રકારની પરિસ્થિતીમાં ભાવ ઊંચા જવાનું વલણ ધરાવે છે. તેથી માંગ સંકોચાશે અને પુરવઠો વિસ્તરણ પામશે.

આમ, વસ્તુની માંગ કરતાં તેનો પુરવઠો વધારે હોય તો વસ્તુની કિંમત નીચે તરફ જાય છે આનાથી વિરૂદ્ધ વસ્તુનો પુરવઠો તેની માંગ કરતા ઓછો હોય તો વસ્તુની કિંમત ઉપર તરફ જાય છે. તેથી વસ્તુની જે કિંમતે તેની માંગ અને પુરવઠો સરખા હોય એ કિંમત જ બજારમાં ટકી શકે છે. અર્થશાસ્ત્રની પરિભાષામાં આ કિંમતને સમતુલાની કિંમત કહેવામાં આવે છે.

આપેલી અનુસૂચિમાં રૂ.3 ની કિંમતે વસ્તુની માંગ અને પુરવઠો સરખા થાય છે. તેથી ગ્રાહકો અને ઉત્પાદકો બન્ને પક્ષે હરીફાઇનો અંત આવે છે. ગ્રાહક જે ભાવ ચૂકવવા તૈયાર છે તે જ ભાવે

ઉત્પાદક વેંચવાની તૈયારી દર્શાવે છે. આથી બજારમાં વસ્તુના ભાવ રૂ.3 પ્રવર્તશે, જેને સમતુલાની કિંમત કહે છે. આમ બજારમાં માંગ અને પુરવઠાનાં પરિબળોની આંતરક્રિયાથી વસ્તુની બજાર કિંમતનું નિર્ધારણ થાય છે.

ઉપરોક્ત અનુસૂચિની મદદથી આપણે આકૃતિ પણ દોરી શકીએ છીએ. જેથી આપણે હવે, આકૃતિ દ્વારા બજારની સમતુલાની ચર્ચા કરીશું.




**વસ્તુની માંગ અને પુરવઠો**

ઉપરોક્ત આકૃતિમાં x રેખા પર વસ્તુની માંગ અને પુરવઠો દર્શાવ્યો છે. તેમજ y રેખા પર વસ્તુની કિંમત દર્શાવી છે. DD રેખાએ માંગ રેખા છે જે વસ્તુની કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ હોવાથી ઋણ ઢાળવાવી છે. ss રેખાએ પુરવઠા રેખા છે જે વસ્તુની કિંમત અને વસ્તુના પુરવઠા વચ્ચે સીધો સંબંધ હોવાથી ધન ઢાળ ધરાવે છે. આકૃતિમાં જોઇ શકાય છે. કે E બિંદુએ વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો બન્ને સરખા થાય છે. આથી વસ્તુની કિંમત રૂ.3 નક્કી થાય છે. જે સમતુલાની કિંમત બજારમાં ત્યાં સુધી ટકી રહેશે કે જ્યાં સુધી વસ્તુની માંગ કે પુરવઠો બન્ને અથવા તો બન્ને માંથી કોઇ એક પરિબળમાં ફેરફાર થશે નહી. દા.ત. કોઇ કારણોસર વસ્તુની કિંમત 4 રૂ. નક્કી થશે તો તે વસ્તુની માંગ 20 એકમની અને પુરવઠો 40 એકમનો થશે. આવી વસ્તુની માંગ કરતા પુરવઠો 40 એકમનો થશે. આવી વસ્તુની માંગ કરતા પુરવઠો વધારે હશે, જેથી ઉત્પાદકોની વસ્તુનો કેટલીક ભાગ વેચાયા વિનાનો પડી રહેશે. જે કિંમતમાં ઘટાડો લાવવાનું દબાણ કરશે. છેવટે કિંમત ઘટીને 3 રૂ. થઇ જશે જે સમતુલાની કિંમત હશે. આનાથી વિપરીત જો કોઇ કારણોસર વસ્તુની કિંમત રૂ. 2 થશે તો વસ્તુની માંગ વધીને 40 એકમ અને વસ્તુનો પુરવઠો ઘટીને 20 એકમ થઇ જશે. અહિ વસ્તુની માંગ વધુ હોવાથી કિંમત વધારાનું દબાણ સર્જાશે જેથી વસ્તુની કિંમત 2 રૂપિયાથી વધી 3 રૂ. થઇ જશે. આમ સમતુલાની કિંમત રૂ. 3 અસ્તિત્વમાં આવશે. આમ બજારમાં જ્યાં કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થશે ત્યાં વસ્તુની કિંમત નક્કી થશે.


## 16.4 માંગ-પુરવઠાના ફેરફારની કિંમત પર અસર :

આગળની ચર્ચામાં આપણે જોયું કે વસ્તુની કુલ માંગ અને વસ્તુનો કુળ પુરવઠો વસ્તુની કિંમત નક્કી કરે છે. એટલે કે જ્યાં વસ્તુની કુલ માંગ અને વસ્તુનો કુલ પુરવઠો સરખા થાય ત્યાં સમતોલ કિંમત નક્કી થાય છે. આ નક્કી થયેલી કિંમત ત્યાં સુધી ટકી રહે છે કે જ્યાં સુધી તે વસ્તુની માંગ કે પુરવઠો અથવા તઓ માંગ અને પુરવઠો બન્નેમાં ફેરફાર થતો નથી. ઉપરમાંથી કોઇ એક કે બન્ને પરિબળમાં ફેરફાર થવાથી મૂળ સમતુલામાં વિક્ષેપ પડે છે અને નવી સમતુલા અસ્તિત્વમાં આવે છે.

અહીં આપણે પ્રથમ વસ્તુની માંગમાં ફેરફાર થવાથી વસ્તુની કિંમતમાં કેવા ફેરફાર થાય છે. તેની ચર્ચા કરીશું.

**16.4.1 વસ્તુની માંગમાં ફેરફારની કિંમત પર અસર :**

અહીં આપણે એવી ધારણા કરીએ છીએ. કે એક સમતુલા પછી કોઇ એક વસ્તુની માત્ર માંગમાં ફેરફાર થાય છે અને પુરવઠામાં કઇ ફેરફાર થતો નથી. આ સંજોગોમાં વસ્તુની કિંમતમાં કેવો ફેરફાર થશે તે નીચેની આકૃતિ દ્વારા ખ્યાલ આવશે.





ઉપરોક્ત આકૃતિમાં x રેખા પર વસ્તુની માંગ અને y રેખા પર વસ્તુની કિંમત દર્શાવી છે. DD અને $DD_1$ એ માંગ રેખા છે, જ્યારે SS એ પુરવઠા રેખા છે. આકૃતિ જોતાં ખ્યાલ આવે છે કે દ બિંદુએ વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠા સરખા થાય છે, કારણ કે E બિંદુએ માંગ રેખા DD પુરવઠા રેખા SS ને છેદે છે. આથી E બિંદુએ વસ્તુની માંગ અને પુરવઠો બન્ને OM જેટલા છે. અને વસ્તુની કિંમત OP જેટલી નક્કી થાય છે. હવે ધારો કે વસ્તુની માંગ કોઇ પણ કારણોસર OM થી વધીને $OM_1$ થાય છે. એટલે કે માંગ રેખા DD જમણી તરફ ખસીને $D_1D_1$ નવી માંગ રેખા અસ્તિત્વમાં આવે છે. અહિ એવું ધારવામાં આવે છે કે વસ્તુના કુલ પુરવઠામાં કોઇ ફેરફાર થતો નથી. આથી વસ્તુના પુરવઠા કિંમતમાં વધારો થશે. હવે વસ્તુની માંગ વધવાથી નવી સમતુલા $E_1$ બિંદુએ આવશે કે જ્યાં વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો સરખઆ થશે. નવી સમતુલાએ કિંમત 2 થી વધીને 3 થશે. આમ જો વસ્તુના પુરવઠામાં કોઇ ફેરફાર ના થાય અને માત્ર વસ્તુની માંગમાં વધારો થાય તો વસ્તુની કિંમતમાં વધારો થાય છે.

આ આકૃતિને આપણે ઉલ્ટી રીતે પણ જોઇ શકીએ. માનો કે પ્રથમ સમતુલા $E_1$ બિંદુએ જ્યા DD1 માંગરેખા અને SS પુરવઠા રેખઆ છેદે છે ત્યાં આવે છે અને તે બિંદુએ વસ્તુની કિંમત 3 નક્કી થાય છે. હવે કોઇ કારણોસર વસ્તુની માંગમાં ઘટાડો થાય છે એટલે માંગ રેખા DD1 ડાબી તરફ ખાસે છે અને નવી માંગ રેખા DD અસ્તિત્વમાં આવે છે. અહિ વસ્તુના કુલ પુરવઠા કરતા વસ્તુની માંગ ઓછી થઇ જવાથી વસ્તુની કિંમત 3 થી ઘટીને 2 થઇ જશે. આમ, વસ્તુની માંગમાં ઘટાડો થવાય વસ્તુની કિંમતમાં ઘટાડો થશે.

આથી કહી શકાય કે જો વસ્તુના પુરવઠામાં કોઇ ફેરફાર ન થાય ત્યારે વસ્તુની માંગમાં વધારો થવાથી વસ્તુની કિંમત વધે છે અને વસ્તુની માંગમાં ઘટાડો થવાથી વસ્તુની કિંમત ઘટે છે. હવે આપણે એવું ધારીએ છીએ કે વસ્તુની માંગમાં કોઇ ફેરફાર થતો નથી પરંતુ માત્ર વસ્તુના પુરવઠામાં જ ફેરફાર થાય છે.

### 16.4.2 પુરવઠામાં ફેરફારની કિંમત પર અસર




ઉપરોક્ત આકૃતિમાં x રેખા પર વસ્તુની માંગ અને પુરવઠો દર્શાવ્યો છે. અને y રેખા પર વસ્તુની કિંમત દર્શાવેલ છે. DD એ માંગ રેખા છે અને SS તેમજ SS1 એ પુરવઠા રેખા છે. ધારો કે વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો બિંદુએ છેદે છે એટલે કે વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો E બિંદુએ સરખા થાય છે. અહી વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો OM જેટલા છે અને E બિંદુએ વસ્તુની કિંમત OP જેટલી નક્કી થાય છે જે સમતુલાની કિંમત છે.


હવે આપણે એવું ધારીએ છીએ કે અહી વસ્તુની માંગમાં કોઇ ફેરફાર થતો નથી. પરંતુ વસ્તુનો કુલ પુરવઠા OM થી વધીને OM1 થાય છે એટલે કે વસ્તુની પુરવઠા રેખા SS જમણી બાજુ ખસીને SS1 નવી પુરવઠા રેખા અસ્તિત્વમાં આવે છે. અહીં વસ્તુની કુલ માંગ કરતા વસ્તુનો પુરવઠો વધી જાય છે. પરિણામે સ્વાભાવિક વસ્તુની કિંમત ઘટી જશે. પહેલા વસ્તુની કિંમત જે OP હતી તે હવે ઘટીને OP થઇ જશે. કારણ કે વસ્તુની માંગ કરતા વસ્તુનો પુરવઠો વધુ હોવાથી ઉત્પાદક વધેલો પુરવઠો ઓછી કિંમતે વેચવા માટે તૈયાર થશે. આથી વસ્તુની કિંમત નીચી આવશે. જે OP થી ઘટીને OP1 થઇ જશે. આમ વસ્તુની માંગ સ્થિર રહે અને જો માત્ર વસ્તુના પુરવઠામાં વધારો થાય તો વસ્તુ B ની કિંમત ઘટે છે.

આનાથી ઊલ્ટુ, શરૂઆતની સમતુલા E1 બિંદુએ જોવા મળે છે. જ્યાં વસ્તુની માંગ અને પુરવઠો સરખા થાય છે. એટલે કે OM1 જેટલા છે. હવે કોઇ કારણોસર વસ્તુનો પુરવઠો OM1 થી ઘટીને OM જેટલો થાય છે એટલે કે વસ્તુની પુરવઠા રેખા SS ડાબી તરફ ખસીને SS થાય છે. અહીં વસ્તુની માંગમાં કોઇ ફેરફાર થતો નથી. તેવું ધારવામાં આવે છે. આથી વસ્તુની માંગ કરતા પુરવઠો ઓછો થઇ જવાથી ગ્રાહકો ગરજવાત બનશે જેવી તેને વસ્તુ ખરીદવા માટે વધુ કિંમત ચૂકવવી પડશે. જેવી હવે વસ્તુની કિંમત OP1 થી વધીને OP થઇ જશે. આમ જો માંગમાં કોઇ ફેરફાર ન થાય અને માત્ર પુરવઠામાં ઘટાડો થાય તો વસ્તુની કિંમત ઘટે છે. હવે આપણે માંગ અને પુરવઠા બન્નેમાં એકી સાથે ફેરાફાર થાય તો વસ્તુની કિંમતમાં કેવા ફેરફાર થશે તેની ચર્ચા કરીએ.

### 16.4.3 વસ્તુની માંગ અને પુરવઠામાં ફેરફારની કિંમત પર અસરઃ


અહી આપણે એવી ધારણા કરીએ છીએ. કે વસ્તુની માંગ અને પુરવઠો બન્નેમાં એકી સાથે ફેરફાર થાય છે. તો તેની કિંમત પર કેવી અસર થશે. અહી એ પણ સમજવું જરૂરી છે કે કોઇ એક સમયે વસ્તુની માંગ અને પુરવઠો બન્નેમાં ફેરફાર થાય છે. પરંતુ પુરવઠા કરતાં માંગમાં વધુ ફેરફાર થાય છે અપેક્ષા તો માંગ કરતાં પુરવઠામાં વધુ ફેરફાર થાય છે તો તેની કિંમત પર કેવી અસર પડશે.

ઉપરાંત એવું પણ બને કે વસ્તુની માંગ અને પુરવઠો બન્નેમાં એકી સાથે એક સરખા પ્રમાણમાં ફેરફાર થાય છે. તો તેની કિંમત પર કેવી અસર પડશે. તે આપણે નીચેની આકૃતિની મદદથી સમજીએ.





ઉપરોક્ત આકૃતિમાં x રેખા પર વસ્તુની માંગ અને પુરવઠો તેમજ y રેખા પર વસ્તુની કિંમત દર્શાવી છે. DD અને DD1 માંગ રેખા છે. તેમજ SS અને SS એ પુરવઠા રેખા છે. અહીં જોઇ શકાય છે કે મુળ સમતુલા E બિંદુએ જ્યાં વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થાય છે ત્યાં મળે છે. અહી વસ્તુની માંગ અને પુરવઠો OM જેટલા છે અને વસ્તુની કિંમત OP જેટલી નક્કી થાય છે હવે કોઇ કારણોસર વસ્તુની માંગ અને પુરવઠા બન્ને વધે છે. એટલે કે વસ્તુની માંગ રેખા DD જમણી તરફ ખસીને DD1 નવી અસ્તિત્વમાં આવે છે. તેમજ SS પુરવઠા રેખા જમણી તરફ ખસીને SS1 નવી પુરવઠા રેખા અસ્તિત્વમાં આવે છે. અહી વસ્તુની માંગ અને પુરવઠો બન્ને વધે છે. પરંતુ વસ્તુની કુલ માંગ કરતા વસ્તુનો કુલ પુરવઠો વધા વધે છે. જેથી વેચનારાઓ વચ્ચે વસ્તુ વેચવા માટે વધુ સ્પર્ધા થશે આથી વસ્તુની કિંમતમાં ઘટાડો થશે. વસ્તુની કિંમત ઘટીને OP1 થઇ જશે એટલે કે વસ્તુની કિંમતમાં PP1 જેટલો ઘટાડો થશે. આમ વસ્તુની કુલ માંગ કરતા વસ્તુનો કુલ પુરવઠો વધુ ઘટે તો વસ્તુની કિંમતમાં ઘટાડો થાય છે.

હવે આપણે એ જોઇએ કે વસ્તુના કુલ પુરવઠા કરતા વસ્તુની કુલ માંગ વધુ વધે તો વસ્તુની કિંમત પર કેવી અસર થશે.



ઉપરોક્ત આકૃતિમાં x રેખા પર વસ્તુની માંગ અને પુરવઠો તેમજ y રેખા પર વસ્તુની કિંમત દર્શાવી છે. DD અને $DD_1$ માંગ રેખા છે. તેમજ SS અને $SS_1$ પુરવઠા રેખા છે. આકૃતિ મુજબ મુળ સમતુલા E બિંદુએ કે જ્યાં વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થાય છે. એટલે કે વસ્તુની કુલ માંગ અને પુરવઠો OM જેટલા અને વસ્તુની કિંમત OP નક્કી થાય છે. હવે કોઇ કારણોસર વસ્તુની માંગ અને પુરવઠોમાં વધારો થાય છે. આથી માંગ રેખા DD જમણી તરફ ખસીને $DD_1$ નવી અસ્તિત્વમાં આવે છે. અને પુરવઠા રેખા SS જમણી તરફ ખસીને $SS_1$ નવી પુરવઠા રેખા અસ્તિત્વમાં આવે છે. અહી જોઇ શકાય છે કે વસ્તુના કુલ માંગમાં વધુ વધારો થાય છે. આથી અહીં ગ્રાહકો વચ્ચે વસ્તુ ખરીદવા માટે સ્પર્ધા થશે. પરિણામે વસ્તુની કિંમત ગ્રાહકોએ વધુ ચૂકવવી પડશે તેથી અહી વસ્તુની કિંમત વધીને $OP_1$ થશે. આમ, અહી વસ્તુ જેના કુલ પુરવઠા કરતાં વસ્તુની કુલ માંગમાં વધુ વધારો થવાથી વસ્તુની કિંમતમાં વધારો થાય છે.

હવે જો વસ્તુની કુલ માંગ અને પુરવઠા બન્નેમાં એકી સાથે એકસરખો વધારો થાય તો વસ્તુની કિંમત પર કેવી અસર પડશે તેની આપણે ચર્ચા કરીશું.




ઉપરોક્ત આકૃતિમાં x રેખા પર વસ્તુની માંગ અને પુરવઠો અને y રેખા પર વસ્તુની કિંમત દર્શાવી છે. DD અને $DD_1$ માંગ રેખા છે. તેમજ SS અને $SS_1$ પુરવઠા રેખા છે. આકૃતિ મુજબ E બિંદુએ વસ્તુની માંગ અને પુરવઠો સરખા થાય છે. એટલે કે ત્યાં સમતુલા આવે છે. અહીં વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો OM જેટલા છે તેમજ વસ્તુની કિંમત OP જેટલી નક્કી થાય છે. હવે ધારો કે કોઇ કારણોસર વસ્તુની માંગ અને પુરવઠો બન્ને વધે છે. આથી માંગ રેખા DD જમણી તરફ ખસીને $DD_1$ અસ્તિત્વમાં આવે છે અને પુરવઠા રેખા SS જમણી તરફ ખસીને $SS_1$ નવી પુરવઠા રેખા અસ્તિત્વમાં આવે છે. આકૃતિનો ખ્યાલ આવે છે કે અહિં વસ્તુની માંગ અને પુરવઠો સરખા પ્રમાણમાં વધે છે.

આથી વસ્તુની કિંમતમાં કોઇ ફેરફાર થતો નથી તે OP જ રહે છે જે નવી સમતુલા $E_1$ બિંદુએ ખ્યાલ આવે છે. આમ વસ્તુની માંગ અને વસ્તુનો પુરવઠો બન્ને સરખા પ્રમાણમાં વધે તો વસ્તુની કિંમતમાં કોઇ ફેરફાર થતો નથી.

**તમારી પ્રગતી ચકાસો (ખ)**

(1) વસ્તુની કિંમત કઇ રીતે નક્કી થાય છે ? સમજાવો.

.....................................................................

.....................................................................

.................................................................
.................................................................
.................................................................
.................................................................

(2) જો માત્ર વસ્તુની માંગ વધે તો તે વસ્તુની કિંમત પર કેવી અસર થશે? સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(3) જો માત્ર વસ્તુનો પુરવઠો વધે તો તે વસ્તુની કિંમત પર કેવી અસર કરશે? સમજાવી.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(4) જો વસ્તુની માંગ અને પુરવઠો બન્ને ખર્ચ સરખા ફેરફાર થાય તો વસ્તુની કિંમત પર કેવી અસર થશે ? સમજાવો.

## 16.5 સારાંશ

આ એકમમાં આપણે બજારમાં વસ્તુ કે સેવાનું કિંમત નિર્ધારણ કઈ રીતે થાય છે તેની આકૃતિઓ દ્વારા કરી. સામાન્ય રીતે બજારના પરિબળો દ્વારા જ્યાં વસ્તુની માંગ અને પૂરવઠો સરખા થાય ત્યાં વસ્તુની કિંમત નક્કી થતી હોય છે. આમ, આ સમતુલાની સ્થિતિ વસ્તુની કિંમત નિર્ધારણ કરે છે. જો વસ્તુની માંગ અને પુરવઠાની સ્થિતિમાં ફેરફાર થાય તો આ સમતુલામાં વિક્ષેપ પડે છે. જો પુરવઠામાં કોઈ ફેરફાર ન થાય અને માત્ર માંગ વધે તો કિંમત વધે છે. આનાથી વિરૂદ્ધ જો માંગમાં કોઈ ફેરફાર ન થાય અને માત્ર પુરવઠામાં વધારો થાય તો કિંમત ઘટે છે. વસ્તુની માંગ અને પુરવઠો બન્નેમાં સરખો ફેરફાર થાય તો વસ્તુની કિંમત પર કોઈ અસર થતી નથી. જો વસ્તુની માંગ અને પુરવઠો બન્નેમાં વધારો થાય પરંતુ પુરવઠા કરતા વસ્તુની માંગમાં વધુ વધારો થાય તો કિંમત વધે છે. આનાથી ઊલટું માંગ કરતાં પુરવઠામાં વધુ વધારો થાય તો વસ્તુની કિંમત ઘટે છે. આમ, માંગ અને પુરવઠાના પરિબળો વસ્તુની કિંમત પર આ રીતે અસર જન્માવે છે.

## 16.6 ચાવીરૂપ શબ્દો

- **બજાર :** બજાર એ એવી વ્યવસ્થા છે કે જેમાં ખરીદનારાઓ અને વેચનારાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવે છે કે જેથી વસ્તુ કે સેવાની ખરીદી અને વેચાણમાં પરિણમે છે.
- **સમતુલા :** જે બિંદુએ વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થાય તે બિંદુએ સમતુલા છે તેમ કહેવાય છે.
- **માંગ :** ચોક્કસ કિંમતે અને ચોક્કસ સમયે વસ્તુ ખરીદવાની ઇચ્છા, શક્તિ અને તત્પરતા.
- **પુરવઠો :** ચોક્કસ કિંમતે, સ્થાને અને સમયે ઉત્પાદકની વસ્તુ કે સેવા વેચવાની તૈયારી.

- **અનુસૂચિ :** બે કે તેથી વધુ ચલો વચ્ચેના સબંધો દર્શાવતી આંકડાકીય રજૂઆત.
- **આકૃતિ :** બે કે તેથી વધુ ચલો વચ્ચે સબંધ દર્શાવતી ભૌમિતિક રજૂઆત.
- **માંગરેખા :** જુદાં જુદાં બિંદુએ માંગનું પ્રમાણ દર્શાવતી રેખા.
- **પૂરવઠા રેખા :** જુદાં જુદાં બિંદુએ પૂરવઠાનું પ્રમાણ દર્શાવતી રેખા.

## 16.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Ahuja H.L. (2013), 'Advanced Econimics theory' S. Chand Pulication, New Delhi.

Jain T.R. & Ohri V.K. (2016) Introductery Micro Economics, Global Publication Ltd., New Delhi.

જોષી આર. સી. અને અન્ય (2016)' એકમલક્ષી અર્થશાસ્ત્ર, પોપ્યુલર, પ્રકાશન, સુરત.

## 16.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) જુઓ 16.2 નો ફકરો.

(2) જુઓ 16.2.1 (3) જુઓ 16.2.2

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) જુઓ 16.3.2 (2) જુઓ 16.4.1 (3) જુઓ 16.4.2

(4) જુઓ 16.4.3 ની ત્રીજી આકૃતિ અને સમજૂતી